વાપીમાં બે કોમ્યુનિટી હોલ બનશે

મહાનગર પાલિકાની સામાન્ય સભામાં નવા ફાયર સ્ટેશનને પણ મંજૂરી

વાપી : વાપી મહાનગરપાલિકાની મોરારજી દેસાઈ ભવનમાં શુક્રવારે સામાન્ય સભા મળી હતી. શાસક અને વિપક્ષના સભ્યોએ દિવાળીની શુભેચ્છાઓ સાથે થોડી મિનિટમાં સામાન્ય સભાને આટોપી લીધી હતી.આ સભામાં વિપક્ષના સભ્યોએ દરેક વોર્ડમાં એક સરખા વિકાસના કામો થવા જોઈએ તેવો આગ્રહ કર્યો હતો. જ્યારે શાસક પક્ષ તરફથી આખા શહેરનો વિકાસ થાય તે રીતે જ કામ થતા હોવાનો સૂર હતો.

વાપી મનપા દ્વારા નવા તૈયાર થનારા ફાયર સ્ટેશન માટે કરવડમાં ૩૦૦૦ ચો.મી. જમીનની ફાળવણીની સ્થાયી સમિતિની દરખાસ્તને સર્વાનુમતે મંજૂર કરવામાં આવી હતી. વાપીના કરવડ અને વટાર વિસ્તારમાં હાલમાં કોમ્યુનિટી હોલની સુવિધા ઉપલબ્ધ ન હોવાથી સ્થાનિક નાગરિકોને સામાજિક, સાંસ્કૃતિક તથા જાહેર પ્રસંગોના આયોજન માટે યોગ્ય સ્થળ મળી રહે તે હેતુથી કોમ્યુનિટી હોલ નિર્માણ અંગેની દરખાસ્ત રજૂ કરવામાં આવી હતી.

કરવડમાં ૨૫૦૦ ચો.મી તથા વટારમાં ૪૭૦૭ ચો.મી જમીન કોમ્યુનિટી હોલના નિર્માણ માટેની દરખાસ્તને સામાન્ય સભામાં સર્વાનુમતે મંજૂર કરવામાં આવી હતી. આ ત્રણે જમીન અંગેના કામ આ અંગે નિયમોનુસાર જરૂરી કાર્યવાહી કરવાની સત્તા મ્યુનિસિપલ કમિશનરને સોંપવામાં આવી હતી. જ્યારે વિકાસ યોજના અંગે ડેપ્યુટી મેયર મીતેશભાઈ દેસાઈએ જણાવ્યું હતું કે, હાલે વિકાસ પરવાનગીની પ્રક્રિયા આગળ ધપાવવામાં મુશ્કેલી ઊભી થઈ રહી છે.

વિકાસ યોજનાની દરખાસ્તો મંજૂર થયા બાદ જ વિકાસ પરવાનગીની પ્રક્રિયા પૂર્ણ કરી શકાય તેમ હોવાથી આ દરખાસ્તો સરકાર સમક્ષ સમયસર રજૂ કરવી જરૂરી છે. આ બાબતની અગત્યતાને ધ્યાને લઈ વાપી અર્બન ડેવલપમેન્ટ ઓથોરિટીની વિકાસ યોજનાનીદરખાસ્તોને બહાલી આપી સરકાર સમક્ષ રજૂ કરવા અંગેની દરખાસ્તને સભામાં સર્વાનુમતે મંજૂરી આપવામાં આવી હતી. મેયર દક્ષાબેન પટેલના અધ્યક્ષસ્થાને યોજાયેલી આ સભાનું સંચાલન ડેપ્યુટી મેયર મીતેશભાઈ દેસાઈ કર્યુ હતું. સામાન્ય સભાની ચર્ચામાં વિપક્ષના નેતા પીરૂભાઈ મકરાણી, ખંડુભાઈ પટેલ તેમજ કોર્પોરેટરોએ ભાગ લીધો હતો. આ સામાન્ય સભામાં મ્યુનિસિપલ કમિશનર એન.એફ. ચૌધરી, નાયબ મ્યુનિસિપલ કમિશનર વિશાલ પટેલ તથા વિવિધ શાખાના અધ્યક્ષો અને સંબંધિત અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

વાપીના દરેક વોર્ડમાં સફાઇ માટે જુદી જુદી એજન્સી

હવે મહાનગરપાલિકાના દરેક વોર્ડમાં અલગ-અલગ એજન્સીઓ મારફતે શેરી સફાઈની કામગીરી કરવામાં આવશે. પરિણામે વોર્ડવાઈઝ જવાબદારી નક્કી થવાથી સફાઈ કામગીરીનું વધુ અસરકારક નિરીક્ષણ, નિયમિતતા અને ગુણવત્તામાં સુધારો લાવી શકાશે તેમજ શહેરની સ્વચ્છતા વ્યવસ્થાને વધુ સુદ્રઢ બનાવી શકાશે. સ્થાયી સમિતિના અધ્યક્ષ સતીશભાઈ પટેલે જણાવ્યું હતું કે, વોર્ડદીઠ અલગ-અલગ એજન્સીઓ દ્વારા સફાઈ કામગીરી કરાવવાથી કામગીરીમાં જવાબદારી અને દેખરેખ વધશે તથા નાગરિકોને વધુ સ્વચ્છ અને સુઘડ શહેરની સુવિધા ઉપલબ્ધ થશે.

કરવડમાં ૩૦૦૦ ચો.મી.માં ફાયર સ્ટેશન

AI જનરેટેડ ઈમેજ

કોમ્યુનિટી હોલ માટે જમીન

કરવડમાં ૨૫૦૦ ચો.મી | વટારમાં ૪૭૦૭ ચો.મી

વલસાડ પાલિકાની સભામાં દબાણો સહિતના મુદ્દા ગાજ્યાં

પક્ષના સભ્યોએ જ પ્રમુખ-ચીફ ઓફિસરને આડે હાથ લીધા

ભાજપના જ સભ્યોએ પાલિકાની નીતિઓ અને અધિકારીઓની કામગીરી સામે સવાલો ઉઠાવ્યા

વલસાડ : વલસાડ નગરપાલિકાની સામાન્ય સભામાં શાસક પક્ષના સભ્યો એ જ ભાજપ શાસિત પાલિકાની અનેક નીતિ રીતિઓ તેમજ અધિકારીઓની કામગીરી સામે સવાલો ઉઠાવ્યા હતા. જેમાં ખાસ કરીને દબાણ કરનારા નાના વ્યક્તિઓને હટાવાય છે, પરંતુ મોટા મોલ કે અન્ય મોટા દુકાનદારો દ્વારા કરાયેલા દબાણોને નહી હટાવાતા હોવાની વાત કરી પ્રમુખ અને ચીફ ઓફિસરને આડે હાથે લીધા હતા.

વલસાડ નગરપાલિકાના પ્રમુખ માલતીબેન અને ચીફ ઓફિસર યશરાજ વાઘેલાની ઉપસ્થિતિમાં યોજાયેલી સામાન્ય સભામાં કાયદા સમિતિના અધ્યક્ષ અને ભાજપી સભ્ય નિતેષ વશીએ ધમડાચી ગામે બનેલા ફાયર સ્ટેશનના મુદ્દે પાલિકાને ઘેર્યા હતા. તેમણે જણાવ્યું કે, કલેક્ટરે જગ્યા ફાળવણીનો ઠરાવ કર્યો એના એક વર્ષ અગાઉ જ ઇજનેર નગ્માબેને અહીંથી માર્ગ આપવાનો પત્ર કઇ રીતે આપ્યો હતો. આ સવાલ સામે ચીફ ઓફિસર તેમજ નગ્માબેન પણ યોગ્ય ખુલાસો આપી શક્યા ન હતા. ત્યારે ચીફ ઓફિસરે આ અંગે નગ્માબેનને નોટિસ આપી તેનો ખુલાસો માંગી જાણ કરાશે એવુ જણાવ્યું હતુ. તેમણે આ પ્રકરણમાં વધુમાં જણાવ્યું કે, ફાયર સ્ટેશનની પાછળના જમીન ધારકોએ પાલિકાના ખોટા નક્શા મુક્યા હતા. તો તેમની સામે કાર્યવાહી કરવા રજૂઆત કરી હતી. ચીફ ઓફિસરે બચાવ કરતા કહ્યું કે, આ અંગે જે તે વિભાગમાં જાણ કરી હતી. જેમને નક્શા સબમિટ કર્યા તેમના દ્વારા આ અંગે ફરિયાદ કરાશે.

પાલિકાની 19 મિલકતોના સ્ટ્રક્ચરલ સરવે કર્યાનો મુદ્દો લેવાયો

સભામાં જ્યોત્સનાબેને પ્રમુખ અને સીઓને ઘેર્યા હતા. તેમણે પાલિકાના મોલમાં પ્રવિણ જોઇસરના દબાણની વાતો કરી હતી. મોલના વેચાણ કરારને રિવાઇઝ કરવાનો હતો તો કઇ રીતે ઓફિસ આપી. પાલિકાની જગ્યામાં એસી મુક્યા હોવાનો પણ આક્ષેપ કર્યો હતો. શહેરમાં એમજી રોડ પર દબાણો હટાવવા અંગે પણ સવાલો ઉઠાવ્યા હતા. ચીફ ઓફિસરે જણાવ્યું કે, આ અંગે સિટી સર્વેનો રિપોર્ટ આવે એટલે દબાણની કામગીરી હાથ ધરાશે. સભામાં પાલિકાની 19 મિલકતોના સ્ટ્રક્ચરલ સરવે કર્યા હોવાનો મુદ્દો પણ લેવાયો હતો. જોકે, તેનો કોઇ નિર્ણય લેવાયો ન હતો.

પાલિકાની સભામાંથી અનેક સભ્યો કંટાળી નીકળી ગયા

વલસાડ નગરપાલિકાની સામાન્ય સભા લાંબી ચાલી હતી. કેટલાક શાસક પક્ષના સભ્યોએ પાલિકાની અનીતિ સામે સવાલો ઉઠાવ્યા હતા. જેમાં ઉગ્ર ચર્ચા થઇ હતી અને સભા લંબાઇ હતી. જેના પગલે પોતાની મહત્વની જવાબદારીમાંથી છટકવાની નીતિ સાથે કેટલાક સભ્યો ખાસ કરીને મહિલા સભ્યો નીકળી ગયા હતા.

દમણમાં પેટ્રોલ પંપ પાસેના બંધ ગોડાઉનમાં ભીષણ આગ ભભૂકી

આગ લાગતા આસપાસના વિસ્તારમાં ફેલાયો ગભરાટ, સદ્નસીબે કોઈ જાનહાનિ નહીં

દમણ : સંઘપ્રદેશ દમણના નાની દમણ રીંગણવાળા વિસ્તારમાં એચ.પી. પેટ્રોલ પંપ નજીક આવેલા બંધ ગોડાઉનમાં સવારે આશરે 10 વાગ્યાના સુમારે અચાનક આગ લાગી હતી. આગની ઘટનાને પગલે આસપાસના લોકોમાં ગભરાટ ફેલાયો હતો. ઘટનાની જાણ થતાં દમણ ફાયર વિભાગનો એક ફાયર બંબો તાત્કાલિક ઘટના સ્થળે પહોંચ્યો હતો. ત્યારબાદ આગને કાબૂમાં લેવા માટે બીજી ફાયર બ્રિગેડની ગાડી પણ સ્થળ પર પહોંચી હતી. ફાયર વિભાગના જવાનોએ પાણીનો સતત મારો ચલાવી આગ પર કાબૂ મેળવ્યો હતો. સદ્નસીબે આ ઘટનામાં કોઈ વ્યક્તિને ઈજા પહોંચી ન હતી કે કોઈ જાનહાનિ સર્જાઈ ન હતી. જોકે, બંધ ગોડાઉનમાં આગ લાગવાની ઘટનાને પગલે સ્થાનિક લોકોમાં ચિંતાનો માહોલ જોવા મળ્યો હતો. આગ લાગવાનું ચોક્કસ કારણ હજુ સુધી જાણવા મળ્યું નથી. જો કે, સ્થાનિક વિસ્તારમાં ગોડાઉનની આસપાસ અવારનવાર નાનો-મોટો કચરો સળગાવવામાં આવતો હોવાની ચર્ચા વચ્ચે તેના કારણે આગ લાગી હોવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે.

જોકે, આગનું વાસ્તવિક કારણ તપાસ બાદ જ સ્પષ્ટ થઈ શકશે. પેટ્રોલ પંપ નજીક આગની ઘટના બનતાં સ્થાનિકોમાં સલામતીને લઈને પણ ચિંતા જોવા મળી હતી. સમયસર ફાયર વિભાગની ટીમ ઘટનાસ્થળે પહોંચી જતાં આગ પર કાબૂ મેળવી શકાયો હતો અને મોટી દુર્ઘટના ટળી હતી.

કિશોરીને ફસાવી અપહરણ કરનાર પાલઘરથી ઝડપાયો

આરોપી કિશોરીનું અપહરણ કરી ભાડાનો રૂમ રાખી નોકરી કરતો હોવાનું ખુલ્યું

પારડી : પારડીથી ગુમ થયેલી કિશોરીના અપહરણ કેસમાં પોલીસે અપહરણ કરી જનારને પાલઘરથી ઝડપાયો છે.

નોકરી પર જવાનું કહીને ઘરેથી નીકળેલી કિશોરી પરત ફરી ન હતી. પરિવારે શોધખોળ કરવા છતાં સગીરાનો કોઈ પત્તો ન લાગતા, માતાએ પારડી પોલીસ સ્ટેશનમાં દીકરીના અપહરણની ફરિયાદ નોંધાવી હતી. પારડી પોલીસે તપાસ હાથ ધરતા માહિતી મળી હતી કે, આરોપી યુવતીને લઈને પાલઘરમાં છુપાયો છે. પોલીસે કાર્યવાહી કરી પાલઘરથી આરોપીને દબોચી લીધો છે અને સગીરાને મુક્ત કરાવી છે. પોલીસ પૂછપરછમાં બહાર આવ્યું છે કે, આરોપી સગીરાનું અપહરણ કરીને પાલઘર લઈ ગયો હતો અને ત્યાં એક ભાડાની રૂમ રાખીને રહેતો હતો. કેસમાં પકડાયેલો પાર્થ અશ્વિનભાઈ પટેલે અગાઉ પણ બે સગીરાઓને ફસાવીને તેમની સાથે દુષ્કર્મ આચરવાના ગંભીર ગુનાઓમાં તે જેલની સજા ભોગવી ચૂક્યો હોવાનું જાણવા મળ્યું હતું. હાલ પારડી પોલીસે આરોપીની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે અને કિશોરીનું મેડિકલ પરીક્ષણ સહિતની આગળની પ્રક્રિયા શરૂ કરી છે.

સંક્ષિપ્ત સમાચાર

નાનાપોંઢા વિસ્તારમાં ટાસ્ક ફોર્સના ચેકિંગમાં 32 કેસમાં રૂપિયા 6400 દંડ

વલસાડ : વલસાડ જિલ્લાના નાનાપોંઢા તાલુકાના નાનાપોંઢા રોડ પર નેવરી, અરનાલા, ધગડમાલ, ચીવલ તથા તેની આ જુ બા જુ ના વિસ્તારમાં જિલ્લા આરોગ્ય ખાતાની ટાસ્ક ફોર્સ દ્વારા તમાકુ નિયંત્રણ કામગીરી હેઠળ આકસ્મિક ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. જે દરમ્યાન 32 દુકાનદારો અને જાહેરમાં ધુમ્રપાન કરનાર મળી કુલ 32 લોકો પાસેથી રૂપિયા 6400 નો દંડ વસુલ કરવામાં આવ્યો હતો. વલસાડ જિલ્લા આરોગ્ય વિભાગ અને પોલીસ વિભાગ સાથે મળી સ્ટિયરીંગ કમિટી દ્વારા ચેકિંગની કામગીરી હાથ ધરવામાં આવી હતી. તદઉપરાંત જાહેરમાં ધુમ્રપાન કરવા પર પ્રતિબંધ, 18 વર્ષથી નાની વયની વ્યક્તિને તમાકુનું વેચાણ પર પ્રતિબંધ, શૈક્ષણિક સંસ્થાની 100 વારની ત્રિજ્યામાં તમાકુ કે તમાકુના વેચાણ પર પ્રતિબંધ, પાનના ગલ્લાવાળાને "તમાકુથી કેન્સર થાય છે અને ૧૮ વર્ષથી નાની વયની વ્યક્તિને તમાકુનું વેચાણ પર પ્રતિબંધ છે." આવી આરોગ્ય વિષયક ચેતવણી વિના તમાકુ અને સિગારેટની અન્ય બનાવટોનું છૂટક વેચાણ પર પ્રતિબંધની સુચના આપવામાં આવી હતી. ડિસ્ટ્રીક્ટ ટોબેકો કંટ્રોલ સેલ આરોગ્ય વિભાગ, પોલીસ વિભાગના કર્મચારીઓની ટીમે કરી હતી.

વાપીમાં જમાઈએ સસરાની પીકઅપ ગાડી ગીરવે મૂકી દીધી

વાપી : વાપીના ડુંગરા વિસ્તારમાં રહેતા એક સસરાની પીકઅપ ગાડી તેમનો જમાઈ લઈ ગયા બાદ આજદિન સુધી પરત ન કરતા, સસરાએ ડુંગરા પોલીસ મથકે જમાઈ વિરુદ્ધ વિશ્વાસઘાતની ફરિયાદ નોંધાવી છે. વાપી ડુંગરા પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, મૂળ બિહારના વતની અને હાલ વાપીના ચણોદ સ્થિત દ્વારકેશ કોમ્પ્લેક્સમાં રહેતા પર વર્ષીય દિગ્વિજયનાથ દિવાકર તિવારી રહે છે. તેમનો જમાઈ સુમેર ચંદુ ઝા (રહે. લાભશુભ એપાર્ટમેન્ટ, ચણોદ, મૂળ બિહાર) ગત ૭ માર્ચ ૨૦૨૬ના રોજ ડુંગરી ફળિયા ખાતે આવેલી તેમની ઓફિસે આવ્યો હતો. તેણે શાકભાજી અને ફળના ધંધા માટે એક દિવસની જરૂર કહીને સસરા પાસે પીકઅપ ગાડી માંગી હતી. સસરાએ વિશ્વાસ રાખીને ગાડી આપી હતી. ત્યારબાદ ગાડી પરત માંગતા જમાઈએ ગલ્લાંતલ્લાં કર્યા હતા અને રોજનું એક હજાર રૂપિયા ભાડું આપવાની લાલચ આપી ગાડી પરત આપી ન હતી. આ અંગે સસરાએ તપાસ કરતાં જાણવા મળ્યું હતું કે, જમાઈએ તેમની પીકઅપ ગાડી અન્ય જગ્યાએ ગીરવે મૂકી દીધી છે. આ મામલે દિગ્વિજયનાથ તિવારીએ ડુંગરા પોલીસ મથકમાં જમાઈ વિરુદ્ધ કાયદેસરની ફરિયાદ નોંધાવી છે. પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

ઉમરગામના દેહરીમાં રૂપિયા 16 લાખના ખર્ચે નિર્માણ થનાર આંગણવાડી મકાનનું ખાતમુહૂર્ત

ઉમરગામ : ઉમરગામ તાલુકાના દેહરી કટવાર ફળિયામાં રૂપિયા 16 લાખના ખર્ચે નિર્માણ થનાર આંગણવાડી મકાનનુ મંત્રોચ્ચાર સાથે ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. જેને લઈને લોકોમાં વાલીઓમાં બાળકોમાં ખુશીની લાગણી છવાયેલી જોવા મળી હતી. જિલ્લા પંચાયતના સભ્ય વંદનાબેન માહ્યાવંશીના હસ્તે તાલુકા પંચાયતના સભ્ય કાજલબેન હળપતિ, ગ્રામ પંચાયતના સરપંચ ધનેશભાઈ, પંચાયતના સભ્યો નીતિનભાઈ તથા રેખાબેન, પુષ્પાબેન, હંસાબેન, રવિન્દ્રભાઈ તથા ગ્રામના આગેવાનો નીતિનભાઈ સાવે, દિનેશભાઈ, ચંદ્રેશભાઇ, નિકુંજભાઈ, સુભાષભાઈ, મનોજભાઈ, અશોકભાઈ, જીગાભાઈ, મુકેશભાઈ, દીપકભાઈ વિગેરેની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે આઈસીડીએસના અધિકારી, આંગણવાડી બહેનો, તલાટી કમ મંત્રી હંસાબેન તથા બાળકો અને મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. જિલ્લા પંચાયતના સભ્ય વંદનાબેન તથા સરપંચ ધનેશભાઈ અને મહાનુભાવોએ જણાવ્યું હતું કે બાળકો માટે ખૂબ સારી સુવિધા વાડી આંગણવાડી બને તે ખુબ ખુશીની વાત છે. ધારાસભ્ય રમણભાઈ પાટકર, સરકાર અને ગ્રામ પંચાયત જન કલ્યાણ અને લોકોની સુખાકારી માટે સતત કામ કરી રહી છે.

મોરાઇ દેસાઈવાડમાં સ્ટ્રીટલાઈટના કનેકશનમાંથી વીજચોરી ઝડપાઇ

વાપી : વાપી મહાનગરપાલિકાના વોર્ડ નં. ૧ના મોરાઈ દેસાઈવાડ વિસ્તારમાં જાહેર સ્ટ્રીટલાઇટની વીજલાઇનમાંથી અનધિકૃત રીતે વીજ જોડાણ મેળવી મકાન તથા કમ્પાઉન્ડમાં લાઈટો ચાલુ કરાતી હોવાનું ધ્યાને આવતાં, મનપાની ટીમ દ્વારા ગત ૨૮ ઓક્ટોબરે સ્થળ પર કાર્યવાહી કરી આ જોડાણ દૂર કરવામાં આવ્યું હતું. આ બાબતે મોરાઈના એક અગ્રણીને લેખિત ખુલાસો રજૂ કરવા નોટિસ પાઠવવામાં આવી છે તેમજ ભવિષ્યમાં આવી પ્રવૃત્તિનું પુનરાવર્તન ન કરવા કડક સૂચના અપાઈ છે. જાહેર વીજ વ્યવસ્થાનો દુરુપયોગ વીજ સલામતી માટે જોખમી છે, અને જો ફરી આવું જણાશે તો કાયદેસરની કડક કાર્યવાહી કરાશે તેવી ચેતવણી પણ અપાઈ છે.

બીડીસીએ વલસાડ દ્વારા મેન્સ અંડર-14 ટીમ સિલેક્શનનું આયોજન

વલસાડ : ગુજરાત ક્રિકેટ એસોસિએશન દ્વારા આયોજિત રિલાયન્સ અંડર 14 ઇન્ટર ડિસ્ટ્રીક્ટ ક્રિકેટ ટુર્નામેન્ટ માટે બલસાર ડિસ્ટ્રીક્ટ ક્રિકેટ એસોસિએશન દ્વારા વલસાડ જિલ્લાની અંડર-૧૪ ટીમનું સિલેક્શન તારીખ 1.11.2026ને રવિવારના રોજ સવારે 8 કલાકે વલસાડના સરદાર પટેલ સ્ટેડીયમમાં યોજવામાં આવનાર છે. જે ખેલાડીની જન્મ તારીખ 1.09.2012થી31.08.2014 દરમ્યાન હશે તે ખેલાડી જ ઉપરોક્ત સિલેક્શનમાં ભાગ લઈ શકશે. ઉપરોક્ત સિલેક્શનમાં ભાગ લેવા ઈચ્છુક ખેલાડીએ ક્રિકેટ યુનિફોર્મ (વ્હાઈટ) ડ્રેસમાં સરદાર સ્ટેડિયમ વલસાડ ખાતે તારીખ 1.11.20260 ને રવિવારના રોજ સવારે 8 કલાકે હાજર રહેવા બીડીસીએના માનદ મંત્રી જનકભાઈ દેસાઈ અખબાર યાદીમાં જણાવ્યું હતું.

દાગીના હેવી લેવા હોય કે લાઈટક્યુટ
દરેકનાં માટે પુષ્કળ વેરાઈટીઓ
બીલીમોરા સ્ટેશનથી ફક્ત 5-7 મિનિટ | ચીખલી ચોકડીથી ફક્ત 8-10 મિનિટ
નવસારીથી - વલસાડથી - વાંસદાથી ફક્ત 30 મિનિટ
મજુરી 5.9%*
R.A. Parikh Jewellers NX
નવસારી કે સુરતમાં અમારી કોઈ બ્રાંચ નથી.
ચીખલી - બીલીમોરા રોડ, આંતલીયા, બીલીમોરા. (પૂર્વ) Mo. 98255 58181
*શરતો લાગુ

ખરીદીની ગુણવત્તા અને બજાર કિંમત સામે ઉઠ્યા પ્રશ્નો

શાળાનાં કબાટ-પુસ્તકોની ખરીદી સામે સવાલો

જિલ્લાની આશરે ૫૦ જેટલી શાળાઓમાં એક શાળા દીઠ એક લાખના ખર્ચ સામે શંકા

એજન્સી, બિલ, વાઉચર અને ટેન્ડર પ્રક્રિયાની તપાસ કરી ગેરરીતિ જણાય તો કાર્યવાહીની માંગ

વાંસદા : નવસારી જિલ્લા આયોજન મંડળ અને જિલ્લા કલેક્ટર કચેરી હસ્તકની વિવેકાધીન જોગવાઈ હેઠળ જિલ્લાની ગ્રામ્ય વિસ્તારોની સરકારી શાળાઓમાં લાઈબ્રેરીના પુસ્તકો અને કબાટની ફાળવણી કરવામાં આવી હતી. જોકે, આ ખરીદી પાછળ થયેલા માતબર ખર્ચ અને ફાળવવામાં આવેલી સામગ્રીની કિંમત અંગે ગંભીર સવાલો ઊભા થતાં સમગ્ર મામલો તપાસનો વિષય બન્યો છે.

વાંસદા તાલુકાની લાછકડી, ખંભાલિયા, પીપલખેડ, કાંટસવેલ, મીંઢાબારી, મોળાઆંબા, ઉનાઈ, કેલિયા, બારતાડ (ઉનાઈ) અને ખાંભલા વર્ગ પ્રાથમિક શાળાઓ સહિત કુલ ૧૦ સરકારી શાળાઓમાં લાઈબ્રેરી માટે કબાટ અને પુસ્તકો ફાળવાયાં છે. આ ઉપરાંત જિલ્લાની અન્ય શાળાઓ મળી કુલ આશરે ૫૦ જેટલી સરકારી શાળાઓમાં આ પ્રકારે કબાટ અને પુસ્તકો અપાયાં છે.

એક શાળામાં કબાટ અને તેમાં રાખવામાં આવેલા પુસ્તકો પાછળ આશરે રૂપિયા એક લાખનો ખર્ચ દર્શાવાયો છે. અંદાજે સાડા ત્રણ ફૂટ પહોળાઈ અને છ ફૂટ ઊંચાઈ ધરાવતા સામાન્ય કબાટ તેમજ પુસ્તકોની વાસ્તવિક કિંમત સામે આવો જંગી ખર્ચ થતાં શંકા કુશંકાઓ સેવાઈ રહી છે. આ મામલે ખરીદીની ગુણવત્તા, બજાર કિંમત, પુસ્તકોની સંખ્યા અને ટેન્ડર પ્રક્રિયા સહિતના દસ્તાવેજોની તટસ્થ તપાસ થાય તેવી ઉગ્ર માંગ ઉઠી છે. જિલ્લા વહીવટી તંત્ર દ્વારા શાળાઓમાં રૂબરૂ જઈને સ્થળ ચકાસણી કરવામાં આવે તથા પાકાં બિલ, વાઉચર અને ચુકવણીના રેકોર્ડની ઊંડાણપૂર્વક તપાસ હાથ ધરી સરકારી નાણાંના દુરૂપયોગ અંગે કોઈ ગેરરીતિ જણાય તો જવાબદાર સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે તેવી લોકમાંગ પ્રબળ બની છે.

કાર્યવાહી મુજબ જ ખરીદી થઇ છે : ડીપીઓ, નવસારી

શાળાઓમાં ફાળવેલા કબાટ અને પુસ્તક બાબતે નવસારી ડીપીઓને ફોન કરી વધુ માહિતી જાણવાનો પ્રયત્ન કરતા તેમણે પોર્ટલની કાર્યવાહી મુજબ જ ખરીદી થઈ છે. જેમાં પુસ્તકો 75 હજાર અને કબાટ 25 હજારની અંદરની કિંમતના થયા છે. કિંમત તો અમારે જેમ પોર્ટલ ઉપર આવે એ પ્રમાણે જ લેવામાં આવે છે એમ જણાવ્યું હતું.